# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૦૩/૦૬/૨૦૨૫ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૭૫૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૧૧૬ લીટર દેશી દારૂ, ૨૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૬૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨૦ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતું. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૯,૯૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૭૫૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૪૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૭૫૩/૨૦૨૫**

**સોલા હાઈકોર્ટઃ** મનજીભાઇ ભીખાભાઇ મંડલી (ઉ.વ.૭૨) (રહે. ગોપીનાથનગર સોસાયટી આઇ.સી.બી. આઈલેન્ડ એપાર્ટમેન્ટની બાજુમાં જગતપુર રોડ ગોતા) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૬/૨૦૨૫ રાતના ૧૦/૩૦ થી તા.૦૨/૦૬/૨૦૨૫ કલાક ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની બારીની ગ્રીલ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના–ચાંદીના દાગીના તેમજ રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૨,૫૪,૧૭૫/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.એન.ભુકણ ચલાવે છે.

**આનંદનગરઃ** પ્રતાપભાઇ ચુનીલાલ ઠક્કર (રહે.પંચવટી પાર્ક સેક્ટર–૨૩ ગાંધીનગર) એ તા.૦૨/૦૬/૨૦૨૫ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૦૫/૨૦૨૫ સાંજના ૭/૩૦ થી તા.૦૨/૦૬/૨૦૨૫ કલાક ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પ્રહલાદનગર કોર્પોરેટ રોડ આર્શિવાદ પારસ કોમ્પ્લેક્ષમાં આવેલ ઓફિસ નંબર–૩૦૪, ૨૦૬,૩૦૨, ૨૦૧ તથા ૩૦૩ નાઓના પાછળના ભાગે બારીની લોખંડની જાળી તથા એલ્યુમિનિયમ સેક્શનની બારીઓ તોડી અજાણી વ્યક્તિ પ્રતાપભાઇ ઠક્કરની ઓફિસમાં પ્રવેશ કરી રોકડ રૂપિયા ૫,૦૦,૦૦૦/– તથા અન્ય સાહેદની ઓફિસની તિજોરી તોડી તિજોરીમાંથી રોકડ રૂપિયા ૧,૯૦,૫૦૦/– મળી કુલ રૂપિયા ૬,૯૦,૫૦૦/– ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.કે.ભારાઇ ચલાવે છે.

**ચોરીઃ–** **સમાચાર યાદી નં.૭૫૪/૨૦૨૫**

**બોડકદેવઃ** સચિન સ/ઓ રાજેન્દ્રભાઇ મોદી (રહે. ઇસ્ટ ઇબોની રાજપથ કલબ પાછળ બોડકદેવ) એ તા.૦૨/૦૬/૨૦૨૫ ના રોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૫/૨૦૨૫ રાતના ૮/૦૦ થી તા.૨૮/૦૫/૨૦૨૫ સાંજના ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરમાં ઘરઘાટી તરીકે કામ કરતા ચંદન ચૌધરી (મુળ વતન.બિહાર) ઘરમાંથી સોનાના હિરા જડીત દાગીના કિમત રૂપિયા ૩,૧૨,૫૦૦/– મતાની ચોરી કરી લઇ નાસી ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.બી.ઝાલા ચલાવે છે.

**શાહીબાગઃ** અરૂણભાઇ અમિતભાઇ અગ્રવાલ (રહે. સાકાર પેલેસ આરાધના રો–હાઉસ સામે ડિંડોલી સુરત) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૬/૨૦૨૫ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે શાહીબાગ મારૂતી એપાર્ટમેન્ટ નજીક ચંદ્રમણી હોસ્પીટલ સામે પોતાની કાર પાર્ક કરી શાહીબાગ ખાતે રહેતા સંબંધીના ઘરે પ્રસંગમાં ગયા હતા, જ્યારે રાતના ૯/૩૦ વાગે ગાડી પાસે પરત જતા પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી અજાણી વ્યક્તિ બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં સોનાની વિંટી કિમત રૂપિયા ૪૦,૦૦૦/–, અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/– તેમજ જરૂરી દસ્તાવેજ હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.વી.પંડયા ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૭૫૫/૨૦૨૫**

**ઓઢવઃ** ઓઢવ માત્રુછયા સ્કુલ પાસે રબારી વસાહત ખાતે રહેતા અને ઓઢવ જી.આઈ.ડી.સી રોડ નં.૩૯ પ્લોટ નં.૪૪૨ પરીખ એન્ટર પ્રાઇજ પ્રાઇવેટ લીમીટિડ કંપનીના ચીલીંગ પ્લાન્ટમાં કામ કરતા ગૌરીશંકર સ/ઓ લક્ષ્મણભાઈ મીણા (ઉ.વ.૩૩) (મુળ વતન. ગામ.વેહરી ફલા તા.ઋષભદેવ જીલ્લો.ઉદયપુર રાજસ્થાન) તા.૦૨/૦૬/૨૦૨૫ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે ચીલીંગ પ્લાન્ટ ખાતે નહાવા ગયા હતા દરમ્યાન વિજ કરંટ લાગતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૭૫૬/૨૦૨૫**

**ખાડીયાઃ** માલવ નરેશકુમાર રાણા (ઉ.વ.૨૯) (રહે. કુવાવાળો ખાચો વેરાઈ માતાના મંદિર ગોલવાડ ખાડીયા) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૬/૨૦૨૫ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ખાડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભલાભાઇ રાયસીંગભાઇ ચલાવે છે.

**સરખેજઃ** અબ્દુલલતીફ સલીમભાઇ શેખ (ઉ.વ.૩૬) (રહે. સફાનપાર્ક સુકુન સોસાયટી સરખેજ પોલીસ સ્ટેશન સામે મકરબા) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૬/૨૦૨૫ બપોરના ૧૨/૪૫ વાગ્યાના સુમારે સરખેજ સાણંદ રોડ કિરણ મોટર્સ પાછળ વેદાંત પ્રભા ગોડાઉન નંબર–૫ ના ધાબા ઉપર ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ડી.વાળા ચલાવે છે.

**વેજલપુરઃ** સોનીયા વા/ઓ મુકેશ બારોટ (ઉ.વ.૨૮) (રહે. વૃંદાવન ગ્રીન યોગેશ્વરપાર્ક સોસાયટી પાસે વેજલપુર ગામ) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૬/૨૦૨૫ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને મેડીલીંક હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી જે.એમ.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી